# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GANDHINAGAR BSL 4

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ભારતમાં બાયોટેક્નોલૉજી ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે અને આ ક્ષેત્ર ભારત માટે વિશાળ તક પ્રદાન કરે છે. ગાંધીનગરમાં પેથાપુર ખાતે રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગ હેઠળના બાયોટૅક્નોલોજી રિસર્ચ સેન્ટર BSL – 4 બાયોકન્ટેનમૅન્ટ સુવિધાનું ઉદ્ઘાટન કર્યા બાદ એક સભાને સંબોધતા તેમણે કહ્યું, વર્ષ 2024ના અંત સુધીમાં બાયો અર્થતંત્ર વધીને 166 અબજ ડૉલર થઈ ગયું છે. દરમિયાન શ્રી શાહે બાયો સ્ટાર્ટઅપ્સ, બાયો ઇન્ક્યૂબેટર્સ અને પેટન્ટની સંખ્યામાં પણ નોંધપાત્ર વૃદ્ધિ પર ભાર મૂક્યો હતો.

(BYTE: AMIT SHAH) BSL 4

ત્યારબાદ શ્રી શાહ અમદાવાદમા સનાથલ ખાતે, જીવણપુરા માર્ગ પર આવેલા પ્લોટ નંબર 1054 પર ગ્લૉબલ ઍક્સલેન્સ માટેની ફાર્માસ્યુટિકલ અકાદમીના ખાતમુહૂર્ત સમારોહ, તેમજ આણંદમાં ચાંગા ખાતે ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજીના 15-મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે તેઓ ખેડાના નડિયાદમાં સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં દર્શન પણ કરશે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH GUJARAT - MANSA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ભારત ડિસેમ્બર 2027 સુધીમાં વિશ્વનું ત્રીજા ક્રમાંકનું અર્થતંત્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

ગુજરાતમાં ગાંધીનગરના માણસા ખાતે નગરપાલિકાના 267 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે જનતાને સંબોધતા શ્રી શાહે વર્ષ 2047 સુધીમાં દરેક ક્ષેત્રમાં ભારતને ટોચના સ્થાને લઈ જવા માટેની કેન્દ્ર સરકારની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રી શાહે સોમનાથ મંદિરને દેશની અસ્મિતા અને સ્વાભિમાનનું પ્રતિક ગણાવ્યું હતું. તેમણે કહ્યું, સોમનાથ મંદિરના એક હજાર વર્ષના ઇતિહાસને ઉજાગર કરવા અને સ્વાભિમાનની આ યાત્રા ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવા સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી કરાશે.

છેલ્લા વર્ષોમાં માણસા શહેરની કાયાપલટની વિગત આપતા શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, અંબોડ ખાતે નિર્માણ પામનારા બેરેજ દ્વારા સમગ્ર પંથકમાં પાણીના સ્તર ઊંચા આવશે. તેનાથી સ્થાનિક લોકોને મોટો લાભ થશે. ઉપરાંત તેમણે માણસામાં નિર્માણ પામી રહેલી 11 માળની આધુનિક હૉસ્પિટલની સાથે સાથે મૅડિકલ કૉલેજ પણ શરૂ કરવાની મહત્વની જાહેરાત કરી હતી.

(BYTE: AMIT SHAH – HOME MINISTER) – HOSPITAL

સમગ્ર વિશ્વમાં અમદાવાદ રમતગમતનું નવું કેન્દ્ર બની રહ્યું છે તેમ જણાવતા, શ્રી શાહે ઉમેર્યું હતું કે, વર્ષ 2036ની ઑલિમ્પિક રમત અમદાવાદમાં યોજાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. તેમણે માણસામાં નવનિર્મિત રમતગમત સંકુલનો મહત્તમ લાભ લેવા સ્થાનિક રમતવીરોને અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# Atmanirbhar Hanol Festival-2026

પાલિતાણાના હણોલ ગામે આજથી 15 તારીખ સુધી ત્રિ-દિવસીય 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ-૨૦૨૬' યોજાઇ રહ્યો છે. આ ઉત્સવ ગ્રામિણ વિકાસ, સ્વાવલંબન અને જનસહભાગિતાનો અનોખો ઉત્સવ છે. ગ્રામિણ ભારતને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે આ મહોત્સવ એક પ્રેરક મંચ પૂરું પાડશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)

*આ મહોત્સવમાં કૃષિ, ગ્રામિણ વિકાસ, રોજગાર, યુવા શક્તિ, રમતગમત, ટેક્નોલોજી અને સંસ્કૃતિ સંબંધિત વિવિધ કાર્યક્રમો, પરિસંવાદો, પ્રદર્શનો તથા લોકાર્પણો યોજાશે. મહોત્સવના પ્રથમ દિવસે આજે સાંજે કેન્દ્રીય ગ્રામિણ વિકાસમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, યુવા બાબતોના કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, ઇન્ડિયન ઓલિમ્પિક એસોસીએશનના પ્રમુખ પી. ટી. ઉષા, તેમજ રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, સહિતની ઉપસ્થિતિમાં મહોત્સવનું ભવ્ય ઉદ્ઘાટન કરાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતી વિષયક પરીસંવાદમાં હાજર રહેશે, અને ખેડૂતોને માર્ગદર્શન આપશે.*

*ત્રિ-દિવસીય કાર્યક્રમમાં 'મેડ ઇન ઇન્ડિયા' વિચારધારાના પ્રણેતા અને ઝોહો (Zoho) ના સ્થાપક શ્રીધર વેમ્બુ, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવ, તેમજ રામાયણ સીરીયલના રામના પાત્રથી લોકપ્રિય બનેલા અભિનેતા અને સાંસદ અરુણ ગોવિલ પણ મહોત્સવમાં હાજર રહેશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ..*

. . . . . . . . . . . . .

# SAURASHTRA KUTCH BHUKAMP

સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિવિધ જગ્યાએ આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. આજે સવારે ત્રણ વાગ્યેને પાંચ મિનિટે કચ્છમાં બે પૂર્ણાંક સાતની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ આવ્યા હતા. તેનું કેન્દ્ર બિન્દુ ધોળાવીરાથી 41 કિલોમીટર દૂર નોંધાયું હતું.

જ્યારે સવારે નવ વાગ્યેને 58 મિનિટે સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા. બે પૂર્ણાંક સાતની તીવ્રતાના આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ પોરબંદરથી 46 કિલોમીટર દૂર નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ છે. કેટલાક જિલ્લામાં તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી પણ ઓછું નોંધાયું છે. બીજી તરફ, ભાવનગરમાં પવનની ઝડપ વધી છે, પરંતુ ઠંડીમાં ઘટાડો નોંધાયો છે.

. . . . . . . . . . . . .